દાખલ થયા તારીખ : ૧૧/૧૨/૨૦૦૦
રજિ.લીધા તારીખ :૧૧/૧૨/૨૦૦૦
નિકાલ થયા તારીખ :૨૨/૦૧/૧૮.
સમય : વર્ષ– માસ– દિવસ–

**અમદાવાદના મે.ઍડિ.ચીફ મૅટ્રોપૉલીટન મૅજીસ્ટ્રેટ સાહેબની કૉર્ટ નં. ૭, અમદાવાદ.**

**ક્રિમી. કેસ નં. ૨૬૫૦/૨૦૦૦.**
**આંક :૧૩.**

ફરિયાદી........................ શ્રી સ ર કા ર

વિરુધ્ધ

આરોપી....................૧)ઈશ્વરભાઈ રમણલાલ સોની,ઉવ.પુખ્ત.
રહેવાસી: સી/૯, લક્ષ્મીનગર વિભાગ–૨,
અમરનાથ ટેનામેન્ટસ, સુરેલીયા, અમરાઈવાડી,
અમદાવાદ.

તહોમત ::– ઈ.પી.કો. કલમ :૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા
બી.પી.એકટની કલમ:૧૩૫(૧) મુજબ.

ફરીયાદ પક્ષે ::– વિ.એ.પી.પી.શ્રી ત્રિવેદી.
આરોપી પક્ષે ::– વિ.વકીલશ્રી બેન્કર.

**–:: ચુ કા દો ::–**

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં

આરોપીઓએ બનાવના સમયે સ્થળે તા.૧૧/૮/૨૦૦૦ ના કલાક: ૮/૦૦

વાગે ફરીયાદીના મકાન આગળ મકાનમાં ચોકડી બનાવવા બાબતે બોલાચાલી કરી ફરીયાદણ તથા સાહેદ નં.૬ ચંદ્રકાન્ત ને બીભત્સ ગાળો બોલી, ગડદાપાટુનો માર મારેલ, જે બાબતે સાહેદને ઠપકો આપતા આરોપીએ ઉશ્કેરાઈ લોખંડની પટ્ટી સાહેદને માથા તથા ફરીયાદી વચ્ચે છોડાવવા જતા ફરીયાદીને પણ કપાળમાં જમણી બાજુએ એક એક ઘા મારી ઈજા કરી મે. પોલીસ કમિ. શ્રી અમદાવાદ શહેરનાઓના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુનો કર્યા સબબ ભારતીય દંડ સંહિતાની કલમ–:૩૨૪, ૩૨૩, ૨૯૪ (ખ) તથા બી. પી. એકટ કલમ :૧૩૫(૧) મુજબના ગુના સબબ અમરાઈવાડી પો.સ્ટે દ્વારા ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આ કામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપીને સમન્સ કાઢતાં, આરોપી તેમનાં વિ.વ.શ્રી મારફત હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની ખાતરી આંક–૧ હેઠળ કર્યા બાદ, આંક–૩ થી આરોપીઓ સામે તહોમતનામુ ફરમાવી, આંક–૪ થી જવાબ લેતાં, આરોપીએ તેઓની સામેનાં ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી, કામ પુરાવા ઉપર રહેતાં

પુરાવો નોંધવાનું શરૂ કરવામાં આવેલ છે.

૩. આ કામે ફરિયાદ પક્ષનો પુરાવો શરૂ થતાં પહેલાં પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થતાં, તેઓએ આંક–૫ થી સમાધાન પુરસીસ રજૂ કરતાં તે તેઓને વાંચી–સંભળાવી, સમજાવતાં, તેઓએ સ્વેચ્છાએ સમાધાનનો સ્વીકાર કરેલ છે અને તેમાંની સહીઓ કૉર્ટ રૂબરૂ ઓળખી બતાવતા રેકર્ડ કરી.

૪. ફરિયાદ પક્ષ તરફે તેમના કેસના સમર્થનમા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

ત્યારબાદ, ફરિયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીએ આંક–૧૨ થી કલોઝીંગ પુરસીશ રજૂ કરી, પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, ફરિયાદ પક્ષે અન્ય કોઈ સાહેદોને આ કામે તપાસેલાં નથી.

૫. ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, આરોપીનું સી.આર.પી.સી.ની કલમ : ૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો ન હોઈ, વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

૬. ત્યાર બાદ, સદર કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા

આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામા આવી.

૭. આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુ દ્દા ઓ ::-**

:૧: શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ બનાવના સમયે સ્થળે તા.૧૧/૮/૨૦૦૦ ના કલાક: ૮/૦૦ વાગે ફરીયાદીના મકાન આગળ મકાનમાં ચોકડી બનાવવા બાબતે બોલાચાલી કરી ફરીયાદણ તથા સાહેદ નં.૬ ચંદ્રકાન્ત ને બીભત્સ ગાળો બોલી, ગડદાપાટુનો માર મારેલ, જે બાબતે સાહેદને ઠપકો આપતા આરોપીએ ઉશ્કેરાઈ લોખંડની પટ્ટી સાહેદને માથા તથા ફરીયાદી વચ્ચે છોડાવવા જતા ફરીયાદીને પણ કપાળમાં જમણી બાજુએ એક એક ઘા મારી ઈજા કરી મે. પોલીસ કમિ. શ્રી અમદાવાદ શહેરનાઓના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુનો કર્યા સબબ ભારતીય દંડ સંહિતાની કલમ-:૩૨૪, ૩૨૩, ૨૯૪ (ખ) તથા બી. પી. એકટ કલમ :૧૩૫ (૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ કોર્ટની હકુમતમા કરેલ છે ?

:૨: શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

:૧: નકારમાં.

:૨: આખરી હુકમ મુજબ.

૯. ઉપરોકત નિર્ણયોનાં મારાં વિગતવારનાં કારણો નીચે મુજબ છે.

## '' કા ર ણો ''

**મુદ્દા નં. ૧ ::–**

૧૦. આ કામે ફરિયાદ પક્ષે વર્તમાન આરોપીઓ સામે ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો આક્ષેપ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ તથા ૧૦૨ મુજબ નિ:શંકપણે સાબિત કરવા માટે આંક–૬ થી ફરીયાદી રેખાબેન ચંદ્રકાન્ત સોનીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે એવો પુરાવો આપેલ છે કે, બનાવનાં દિવસે, સમયે અને સ્થળ ` આરોપીને ફરીયાદી સાથે ચોકડી બનાવવા બાબતે સામાન્ય બોલાચાલી થતાં, ધકકા મુકકીમા પડી જવાથી ઈજા થયેલી, તેઓએ આ કામની ફરિયાદ આપેલી. તે સિવાય બીજું કાંઈ બનેલ નથી. તેઓએ બનાવની ફરિયાદ તેઓએ આપેલી હોવાનું જણાવી, પોતાની જુબાનીમાં પોતાની ફરિયાદ રજૂ કરી, તેમાંની સહી ઓળખી બતાવી, આંક–૮ થી રજૂ કરવામાં આવેલ

છે.તેમજ સાહેદ નં.૬ મરણ ગયેલ છે તેના મરણના દાખલાની કોપી આંક–૭ થી રજુ છે. આ સાહેદે ફરિયાદ પક્ષનાં કેસની હકીકતોને સમર્થન ન આપતાં, ખુદ ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલ છે. ત્યાર બાદ આ સાહેદની બચાવ પક્ષ દ્વારા ઉલટતપાસ કરતાં, તેઓએ સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું અને આરોપી સાથે રાજી–ખુશીથી, ઘરમેળે સમાધાન થયેલ હોવાનું જણાવેલ છે. ફરિયાદ પક્ષનાં કેસ અનુસાર હાલનાં કેસમના આ સાહેદ છે અને છતાં આ સાહેદનો સમગ્ર પુરાવો તથા આરોપી પક્ષે કબુલ કરવામા આવતા, દસ્તાવેજી પુરાવો આંક– ૭ થી ફરીયાદીના મરણનો દાખલો, આંક–૯, ૧૦, ૧૧ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, મુદ્દામાલ રીકવરીનુ પંચનામુ, ઈજાના સારવાર સર્ટીફીકેટ, જાહેરનામાની નકલ રજુ છે. જે ધ્યાને લેતાં, તેઓએ ફરિયાદ પક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી. તેઓની સમગ્ર જુબાનીનો નિચોડ જોતાં, આરોપી પર ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો ગુનો આરોપીએ આચરેલ હોવાનું નિ:શંકપણ પુરવાર થતું નથી અને તે રીતે વર્તમાન આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો આક્ષેપ નિ:શંકપણે સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સફળ થયેલ ના

હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ :૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા બી.પી.એકટની કલમ :૧૩૫(૧) મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરેલ મુદ્દામાલ લોખંડની પટ્ટીનો અપીલ સમય બાદ નાશ કરવો.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ (એ) મુજબ અપીલ સમય માટે આરોપીએ રૂપિયા ૫,૦૦૦-૦૦ ( અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) નાં જામીન આપવાના રહેશે અથવા જુના જામીન ચાલુ રહેતા હોવાની પુરસીસ રજુ રાખવી.

આજ રોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૨૨-૦૧-૨૦૧૮
અમદાવાદ

( અતુલકુમાર રજનીકાંત પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં. ૭
અમદાવાદ.
UNIQUE CODE GJ00710